ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૮/૧૯-૨૦/ 220 તારીખ : 10 JAN 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૮/૧૯-૨૦

પ્રતિ,
**શ્રી ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરા,**
ગામ-કાંગસા, તા.ધારી,
જી. અમરેલી.
**મો.નં. ૯૪૨૮૮ ૮૪૭૨૪.**

**વિષય : નવું ખેતીવાડી કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૮.૧૦.૧૯. અત્રેની કચેરીને મળ્યા તા.૦૧/૧૧/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૮/૧૯-૨૦/૪૩૫૦ તા.૦૪/૧૧/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૮/૧૯-૨૦/૪૯૩૪ તા.૦૭/૧૨/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૧/૧૨/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી-૨.**

........*ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ધારી-૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૮૮/૧૯–૨૦ ☜

વાદી :– શ્રી ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરા

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– ૨૧.૧૨.૨૦૧૯ ◈

હાજર રહયા :– શ્રી ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરા – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એન. આઈ. ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરા, મુ.ક્રાંગસા, તા.ધારીની નવું ખેતીવાડી કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૮/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૮/૧૯–૨૦/૪૩૫૦ તા.૦૪.૧૧.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૧.૧૨.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરા પોતે તથા પ્રતિવાદી તરફેશ્રી એન. આઈ. ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ધારી તાલુકાના ક્રાંગસા ગામે ખેતીની જમીન સર્વે નં.૧૮ ની ખેતીની જમીન ગણોતીયા તરીકે ધરાવીએ છીએ. સદર જમીનમાં ખેતીવાડીનાં હેતુ માટે નવું વીજજોડાણ મળવા અમોએ અરજી કરેલ છે.

૧.૨ પીજીવીસીએલ નાં નિયમાનુસાર જરૂરી કવોટેશનની રકમ પણ અમારા તરફથી ભરપાઈ કરી આપવામાં પીજીવીસીએલ, સબ ડીવીઝન, ધારી તરફથી અમારી ગણોતીયાની કબ્જા ભોગવટાની જમીનમાં પીજીવીસીએલ, સબ ડીવીઝન, ધારી તરફથી નવી વીજલાઈન, સબ સ્ટેશન પણ ઉભુ કરવામાં આવેલ હતું.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

દરમ્યાનમાં પીજીવીસીએલ દવારા ખેતીવાડી વીજલાઈનમાં પાવર ચાલુ કરવામાં આવે તે પહેલા શેઠ ભગવાનદાસ તુલસીદાસ ગૌ–શાળા ટ્રસ્ટ દવારા તા.૦૧.૦૧.૨૦૧૯ ના અરસામાં વીજ કનેકશન ન આપવા અંગે વાંધો લેતા અમારી ખેતીવાડી વીજલાઈનમાં નાંખવામાં આવેલ વાયર પરત પીજીવીસીએલ દવારા નીકળી લેવામાં આવેલ છે.

૧.૪ હકીકતે ઉપરોક્ત વિગતેની સર્વે નં.૧૮ વાળી જમીન અમારા વડીલો વખતથી ઉતરોતર અમારા કબ્જા ભોગવટામાં ગણોતીયા તરીકે જમીન આવેલ છે અને તે જમીનમાં અમો અને અમારા પરીવારનાં સભ્યો ખેતી કામ કરી અને તેમાંથી અમારૂ અને અમારા પરીવારનું ગુજરાન ચલાવીએ છીએ. ખેતીએ અમારા કુટુંબની આજીવીકાનું મુખ્ય સાધન છે. ઉપરોક્ત વિગતેની અમારા કબ્જા ભોગવટાની ગણોનીયા તરીકે આવેલ સર્વે નં.૧૮ ની જમીનમાં ખેતી વિષયક હેતુ માટે વીજજોડાણ મળવા અમોએ પીજીવીસીએલ, સબ ડીવીઝન, ધારી પાસે માંગણી કરેલ હતી અને નિયમાનુસાર જરૂરી કવોટેશનની રકમ પણ ભરપાઈ કરેલ બાદમાં કોઈપણ અગમ્ય કારણોસર ગૌ–શાળા ટ્રસ્ટનાં દબાણમાં આવી અને અમારી જમીનમાં નવી ઉભી કરવામાં આવેલ વીજલાઈન કેન્સલ કરવામાં આવતા અમોને પારાવાર મુશ્કેલી અને હાડમારી ઉભી થવા પામેલ છે.

૧.૫ અમો અરજદાર સામાન્ય ખેડુત વર્ગનાં માણસ છીએ. ખેતીવાડી વીજ કનેકશન ન ચાલુ થવાનાં કારણે અમોને અસહય પારાવાર મુશ્કેલી ઉભી થતી હોય વીજ કનેકશનનાં અભાવે જમીનમાં ખેતી લાયક પુરતુ પાણી હોવા છતાં પણ અમો જમીન બરાબર રીતે સમય – સમયે ખેતીમાંથી ઉત્પાદન લઈ શકતા નથી અને તેમ થવાથી અમોને આર્થિક રીતે ઘણું મોટુ નુકશાન થઈ રહયું હોય. અમો અરજદાર ઉપર દયા રહેમ રાખી અને પીજીવીસીએલ, સબ ડીવીઝન, ધારી તરફથી અમારી માંગણી મુજ અમારી ગણોતીયા તરીકેની જમીનમાં ખેતીવાડી વીજ કનેકશન ચાલુ કરી આપવામાં આવે તે માટે જરૂરી તે ન્યાયી હુકમ ફરમાવવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરા, ગામ–ક્રાંગસા, રે.સ.નં.૧૮/૩ માં ખેતીવાડી વીજ કનેકશનની અરજી તા.૨૮.૦૬.૨૦૦૦ ના રોજ કરેલ, જેના અનુસંધાને તેઓને અંદાજપત્ર નં.૭૮૭૪ તા.૧૭.૧૨.૧૩ થી આપવામાં આવેલ, જે અન્વયે ધારી–૨ પેટા વિભાગીય કચેરી તરફથી અમરેલી–૨ વિભાગીય કચેરીને માર્ગદર્શન માટે પત્ર તા.૨૦.૦૧.૧૪ થી લખેલ. જેના અનુસંધાને અત્રેની કચેરી તરફથી પત્ર નં. એડી–૨/રેવ/૬૫૬ તા.૨૯.૦૧.૧૪ થી જણાવેલ કે, કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ જમીન માલીકના નામે જ વીજજોડાણ આપી શકાય છે.

૨.૨ સદર કેસમાં ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરા, સદર જમીનમાં માલીક ન હોય તેમના નામે વીજજોડાણ મળી શકે નહી. ત્યારબાદ અરજદારની રજુઆત અન્વયે વર્તુળ કચેરીનાં માર્ગદર્શન મુજબા ધારી–૨ પેટા વિભાગીય કચેરી દવારા મુળ માલીકના નોટરાઈઝ કરેલ "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાની શરતે અંદાજપત્ર નં.૬૪૮૫ તા.૧૫.૦૯.૧૮ થી આપવામાં આવેલ તેમજ અંદાજપત્રમાં મુળ જમીન માલીકના "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કર્યા બાદ જ અંદાજપત્ર સ્વિકારવામાં આવશે, તેવી નોંધ કરેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

જેના અનુસંધાને ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરાએ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ ઉપર નોટરાઈઝ બાંહેધરી પત્ર આપેલ કે શેઠ ભગવાનદાસ તુલસીદાસ ગૌચારા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ હાલ કયાં છે તેની ખબર નથી, જેથી નોટરાઈઝ સંમતિ પત્રક રજુ કરી શકીએ તેમ નથી અને આ બાંહેધરી પત્ર આપીએ છીએ કે ભવિષ્યમાં સદર વીજજોડાણ અંગે કાંગસા શેઠ ભગવાનદાસ તુલસીદાસ ગૌચારા ટ્રસ્ટ દવારા કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર થશે તો પીજીવીસીએલ કોઈ નોટીસ કે અગાઉથી જાણ કર્યા વગર વીજજોડાણ રદ કરવા હકકદાર રહેશે.

૨.૪ સદર નોટરાઈઝ બાંહેધરી આધારે અંદાજપત્રના નાણા તા.૧૮.૦૯.૧૮ થી ધારી–૨ પેટા વિભાગીય કચેરી દવારા સ્વિકારવામાં આવેલ અને તેનું લાઈનકામ તા.૧૯.૧૨.૧૮ થી કરવામાં આવેલ. પરંતુ કનેકશન રીલીઝ કરેલ ન હતું કે વીજજોડાણ પણ આપવામાં આવેલ ન હતું. ત્યારબાદ તા.૦૧.૦૧.૧૯ પત્રથી શેઠ ભગવાનદાસ તુલસીદાસ ગૌચારા ટ્રસ્ટ પ્રમુખશ્રી જયેશભાઈ હેમેન્દ્રભાઈ વખારીયા દવારા કાંગસાના સર્વે નં.૧ થી ૪૧ વાળી જમીન ટ્રસ્ટની માલીકીની છે અને તેમાં વીજજોડાણ ટ્રસ્ટના નામ સિવાય ટ્રસ્ટની પરવાનગી વગર અન્યોના નામે વીજજોડાણ આપવામાં આવે તેની સામે સખ્ત વિરોધ છે અને વાંધો છે, તેવી વાંધા અરજી ધારી–૨ પેટા વિભાગીય કચેરી ખાતે તા.૦૪.૦૧.૧૯ ના રોજ રજુ કરવામાં આવેલ.

૨.૫ જે અન્વયે ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરાએ મૌખિક અને લેખિત પત્ર નં.એસડી/ડીએચ–૨/૫૮૦૭ તા.૧૦.૦૬.૧૯ અને એસડી/ડીએચ–૨/૯૩૪૩ તા.૧૧.૦૯.૧૯ થી જાણ કરવામાં આવેલ પરંતુ તેઓ દવારા કોઈપણ પ્રકારના આધાર પુરાવા કે "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરેલ ન હોવાથી સદર વીજ કનેકશનના ટ્રાન્સફોર્મર સેન્ટર તથા લાઈન તા.૧૪.૦૯.૧૯ ના રોજ ઉતારી લેવામાં આવેલ હતી. આમ, અરજદારશ્રી ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરા દવારા મુળ જમીન માલીકનું "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરેલ ન હોવાથી તેઓને આ વીજજોડાણ મળી શકે નહી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરા એ ગામ–કાંગસા, તા.ધારી ખાતે સર્વે નં.૧૮/૩ ની ખેતીની જમીન ગણોતિયા તરીકે ધરાવે છે, જેમાં વાદીએ તા.૨૮.૦૬.૨૦૦૦ ના રોજ ખેતીવાડી વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ.

પ્રતિવાદીએ તા.૧૭.૧૨.૧૩ ના રોજ અંદાજપત્ર આપેલ, જેની અંદર નોંધ કરવામાં આવેલ કે મૂળ માલિકનાં નોટરાઈઝ કરેલ "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાની શરતે અંદાજપત્ર સ્વિકારવામાં આવશે.

૩.૨ સવાલવાળો સર્વે નં.૧૮/૩ નાં રેવન્યુ રેકોર્ડ મુજબ શેઠ ભગવાનદાસ તુલસીદાસ ગૌચારા ટ્રસ્ટની માલીકી છે, જેમાં વાદી ધીરૂભાઈ નાજાભાઈ રાંધનપરાની ગણોતિયા તરીકે નોંધ છે.

૩.૩ વાદી અરજદાર ધીરૂભાઈએ તા.૧૧.૦૫.૧૮ ના રોજ રૂા.૧૦૦/– નાં નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ થયેલ બાંહેધરી પત્રક પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરી–૨, ધારીને આપેલ. આ બાંહેધરી પત્રક મુજબ વાદી અરજદારે સહમતી આપેલ કે "ભવિષ્યમાં સદર વીજજોડાણ અંગે શેઠ ભગવાનદાસ તુલસીદાસ ગૌચારા ટ્રસ્ટ સંચાલીત ગૌશાળા દવારા કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર થશે તો પીજીવીસીએલ અમોને કોઈ

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

નોટીસ કે અગાઉથી જાણ કર્યા વગર આ વીજજોડાણ રદ કરવા હકકદાર રહેશે."

ત્યારબાદ પ્રતિવાદીની કચેરી દવારા વાદીને આપેલ અંદાજપત્રનાં નાણા તા.૧૮.૦૯.૧૮ ના રોજ સ્વિકારવામાં આવેલ અને વાદીનાં વીજજોડાણની કામગીરી તા.૧૯.૧૨.૧૮ ના રોજ પુર્ણ કરવામાં આવેલ.

૩.૫ વાદીનું વીજજોડાણ ચાલુ કરતાં પહેલા તા.૦૧.૦૧.૧૯ નાં રોજ શેઠ ભગવાનદાસ તુલસીદાસ ગૌચારા ટ્રસ્ટનાં પ્રમુખે પ્રતિવાદીની ધારી કચેરીને તેમની માલીકીની જમીનમાં સવાલવાળું વીજજોડાણ આપવા માટે વાંધો રજુ કરેલ. આથી પ્રતિવાદીએ વાદીને તા.૧૦.૦૬.૧૯ ના રોજ અને તા.૧૧.૦૯.૧૯ થી વાદીને તુલસીદાસ ગૌચારા ટ્રસ્ટનું "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરવા જણાવેલ, જે વાદીએ રજુ ન કરતાં, પ્રતિવાદીએ વાદીનું ખેતીવાડી વીજજોડાણ ચાલુ કરેલ નથી.

## –:: હુકમ ::–

- **ઉપરોકત બાબતોને ધ્યાનમાં લેતાં તા.૧૧.૦૫.૧૮ ના રોજ વાદીનું નોટરાઈઝ બાંહેધરીપત્રક તેમજ તા.૦૧.૦૧.૧૯ ના શેઠ ભગવાનદાસ તુલસીદાસ ગૌચારા ટ્રસ્ટની વાંધા અરજી ધ્યાનમાં લેતાં પ્રતિવાદીએ કરેલ કાર્યવાહી યોગ્ય છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૧.૧૨.૨૦૧૯**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar